# ગુજરાતમાં ઔદ્યોગિક ઝઘડાનું પ્રમાણ, તેનાં કારણો અને પરિણામોનો અભ્યાસ

રતાભાઈ રવજીભાઈ રોજાસરા
અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**સારાંશ:**

આ અભ્યાસ ગુજરાત રાજ્યનાં સંદર્ભમાં ઔધોગિક ઝઘડાનું પ્રમાણ, તેનાં કારણો અને પરિણામનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. જેમા જુદા- જુદા અહેવાલ અને અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીના અહેવાલમાંથી આંકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આપેલી માહિતીનું વિશ્લેષણ કરવા વર્ણનનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે ગુજરાત રાજ્યમાં સૌથી વધુ વખત વેતન ભથ્થાને કારણે ઔધોગિક ઝઘડા ઉત્પન થાય છે. જેને કારણે ધણા બધા શ્રમિકો તેના દ્વારા અસરગ્રસ્ત થયા હતા.

**મુખ્ય શબ્દો:** ઔદ્યોગિક સંબંધ, ઔદ્યોગિક ઝઘડો, શ્રમિક સંગઠન અને વેતન

## ૧. પ્રસ્તાવના

ઔદ્યોગિક અશાંતિના મૂળમાં ઔદ્યોગિક ઝઘડા રહેલા છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં સંચાલકો અને શ્રમિકો વચ્ચે જ્યારે નિખાલસતા અને શાંતિ પૂર્ણ સંબધો નહીં રહે અને બંને પક્ષે અવિશ્વાસની લાગણી ઉદભવે ત્યારે ઔદ્યોગિક ઝઘડાઓનો ઉદ્‌ભવ થાય છે. શ્રમિકો કોઈપણ રીતે અપનાવીને ઔદ્યોગિક ઝઘડાનું નિર્માણ કરે છે. આ વિવાદને દૂર કરવા બંને પક્ષે વિચાર-વિમર્શ થતા હોય છે. ઘણીવાર નિવારણ થતું હોય છે. જ્યારે કેટલાંક કિસ્સાઓમાં ઘણો સમય લાગી જાય છે.

## ૨. ઔદ્યોગિક ઝઘડાનો અર્થ

“ઔદ્યોગિક ઝઘડા એટલે ઔદ્યોગિક ક્ષેત્રમાં સંચાલકો અને સંચાલકો વચ્ચે કે શ્રમિકો અને સંચાલકો વચ્ચે અથવા શ્રમિકો અને શ્રમિકો વચ્ચેનો વિવાદ જે રોજગારી કે રોજગારીની શરતો અથવા કાર્યવ્યવસ્થા સંબંધિત હોય. “ટૂંકમાં, શ્રમિકો અને માલિક વચ્ચેની તકરાર કે સંઘર્ષને ઔદ્યોગિક ઝઘડા કહે છે.

## ૩. સંદર્ભ સાહિત્યની સમીક્ષા

**બિભાસ સહા, ઈન્દ્રનીલ પાન,(૧૯૯૪), “ભારતમાં ઔદ્યોગિક વિવાદો: એક પ્રયોગમૂલક વિશ્લેષણ”** આ પેપરમાં 1980 થી 1986 સુધીના સાત વર્ષ દરમિયાન 19 ઉદ્યોગો માટે ઔધોગિક વિવાદના માહિતીનો ઉપયોગ કરીને ઈકોનોમેટ્રિક મોડેલનો વિકાસ કરીને ઔદ્યોગિક વિવાદોના નિર્ણાયક (બંને હડતાલ અને લોક

આઉટ) બંનેને ઓળખવાનો પ્રયાસ કરે છે. વિવાદો અને સ્વતંત્ર ચલોથી કર્મચારી દીઠ ગુમાવેલા મેન્ડેઝ એ ટ્રેડ યુનિયન, સરેરાશ ફેક્ટરી કદ અને કર્મચારીની સરેરાશ માસિક કમાણી છે. એવું જોવા મળે છે કે વધુ સંઘીય ઉદ્યોગોમાં, વિવાદથી ગુમાવેલ મેન્ડેઝ ઓછા સંઘીય ઉદ્યોગોની તુલનામાં ઓછા થવાની સંભાવના છે. તેનાથી વિપરિત, મોટા સરેરાશ ફેક્ટરી કદવાળા ઉદ્યોગોમાં વધુ મેન્ડેઝ ગુમાવાશે. કર્મચારીઓની માસિક કમાણી હારી ગયેલી મેન્ડેઝ પર અસ્પષ્ટ અને લગભગ નજીવી અસરો ધરાવતા નબળા ચલ લાગે છે.

**કેસરસિંહ ભંગૂ, (૨૦૦૮),"ભારતમાં ઔદ્યોગિક વિવાદોનો પ્રાદેશિક દાખલો: ફરીથી આયોજિત પંજાબનો અભ્યાસ".** આ અધ્યયનમાં પંજાબના ઔદ્યોગિક સંબંધોના દૃશ્યના વલણોની તપાસ કરવામાં આવે છે અને તે 37 વર્ષ (1967-2003) સુધીના સમયગાળા સુધી વિસ્તરે છે. વિશ્લેષણ સમગ્ર સમયગાળાને ત્રણ પેટા-અવધીમાં વહેંચીને, એટલે કે, સમયગાળો દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. આ પેપરમાં ઔદ્યોગિક વિવાદો અને વર્ક સ્ટોપ્સ, તેમના સ્વરૂપો, પ્રકૃતિ અને કારણો, ઔદ્યોગિક સંબંધોની મશીનરીની અવધી, કામગીરી અને કાર્યક્ષમતા અને હડતાલ અને તાળાબંધીના તુલનાત્મક વિશ્લેષણના વિગતવાર વિશ્લેષણનો પ્રયાસ કરે છે. હડતાલ અને લોકઆઉટ તુલનાત્મક વિશ્લેષણ વધતા અને ઉભરતા લોકઆઉટની ઘટના સૂચવે છે, જેણે રાજ્યના ઔદ્યોગિક સંબંધોના દૃશ્ય પર દેખાવાનું શરૂ કર્યું. અધ્યયનમાં જણાવાયું છે કે વિવાદ ઊભો કરવામાં કર્મચારીઓની બાબતોનો હિસ્સો વધી રહ્યો હતો, જોકે તે સમયગાળા દરમિયાન આર્થિક કારણોનું વર્ચસ્વ હતું. આ અધ્યયનમાં રાજ્યની ઔદ્યોગિક સંબંધોની મશીનરીની નબળી કામગીરી અને અયોગ્યતાનો પણ નિર્દેશ કરે છે. તેથી, આજની જરૂરિયાતોનો સામનો કરવા માટે આ મશીનરીને ફરીથી ગોઠવવા, પુનર્જીવિત કરવાની અને પુનઃસ્થાપિત કરવાની તાતી જરૂર છે.

**રજની પાણીયા,(૨૦૧૨), "ઉદારીકરણના યુગમાં ભારતમાં ઔદ્યોગિક સંબંધો",**આ પેપર ઉદારીકરણના યુગમાં ભારતમાં ઔદ્યોગિક સંબંધની તપાસ કરે છે. આ અધ્યયનનું મુખ્ય કેન્દ્ર એ છે કે વર્ષ 1992 થી 2011 દરમિયાન ઔદ્યોગિક વિવાદો, તેના કારણો અને ભારતમાં ટ્રેડ યુનિયનની વૃદ્ધિની તીવ્રતાના વલણો. પરિણામો સૂચવે છે કે ભારતમાં સંતોષકારક ઔદ્યોગિક સંબંધ છે, ટ્રેડ યુનિયનના વિકાસને કારણે અને અભ્યાસના સમગ્ર સમયગાળા દરમિયાન ઔદ્યોગિક હડતાલ અને લોકઆઉટમાં સતત ઘટાડો નોંધાયો છે.

**૪. અભ્યાસના હેતુઓ**

૧. ગુજરાત રાજ્યમાં થતા ઔદ્યોગિક ઝઘડાનું પ્રમાણ જાણવું, વર્ષ ૨૦૧૦-૨૦૧૮ સુધીનો સમયગાળો.

૨.ગુજરાત રાજ્યમાં થતા ઔદ્યોગિક ઝઘડાનાં કારણો જાણવા, વર્ષ ૨૦૧૦-૨૦૧૮ સુધીનો સમયગાળો.

૩. ગુજરાત રાજ્યમાં થતા ઔદ્યોગિક ઝઘડાનાં પરિણામ જાણવા, વર્ષ ૨૦૧૦-૨૦૧૮ સુધીનો સમયગાળો.

## ૫.અભ્યાસની પધ્ધતિ

આ સંસોધનમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીના અહેવાલો અને સંશોધન પેપરમાંથી આંકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસના સમયગાળા તરીકે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીનો સમયગાળો પંસદ કરવામાં આવ્યો છે. સંશોધન માહિતીના વિશ્લેષણ કરવા વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૬. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

### *૬.૧ ગુજરાત રાજયમાં ઔધૌગિક ઝઘડાઓ*

**કોષ્ટક ૧.૦**

| ક્રમાંક | વર્ષ | ઝઘડાની સંખ્યા | અસરગ્રસ્ત શ્રમિકોની સંખ્યા | વ્યક્તિના ગુમાવેલા દિવસની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦ | ૨૦ | ૨૯૬૬ | ૪૧૫૨૦ |
| ૨ | ૨૦૧૧ | ૨૮ | ૪૦૯૯ | ૩૫૮૭૩ |
| ૩ | ૨૦૧૨ | ૨૬ | ૩૯૮૧ | ૪૫૫૩૦ |
| ૪ | ૨૦૧૩ | ૧૯ | ૬૨૦૪ | ૪૧૬૫૮ |
| ૫ | ૨૦૧૪ | ૨૪ | ૩૭૧૬ | ૬૧૬૨૨ |
| ૬ | ૨૦૧૫ | ૧૩ | ૨૩૩૮ | ૩૪૪૮૭ |
| ૭ | ૨૦૧૬ | ૧૯ | ૫૧૪૧ | ૫૨૯૭૭ |
| ૮ | ૨૦૧૭ | ૧૯ | ૫૨૮૬ | ૩૯૭૭૯ |
| ૯ | ૨૦૧૮ | ૧૩ | ૫૨૨૬ | ૪૩૪૪૮ |

સ્ત્રોત : Office of the Labour Commissioner , Gujarat State, Gandhinagar

### *૬.૨ કોષ્ટકની સમજૂતી*

ઉપરોક્ત કોષ્ટકમાં ગુજરાત રાજ્યમાં થયેલ ઔધોગિક ઝઘડાનું પ્રમાણ દર્શાવવામાં આવ્યુ છે. આ ઔધોગિક ઝઘડાને કારણે અસરગ્રસ્ત થતા શ્રમિકોની સંખ્યા અને જેને લીધે ગુમાવેલ દિવશો દશાવ્યા છે. આ અભ્યાસ માટે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીનો સમયગાળો લેવામાં આવ્યો છે. ઔધોગિક ઝઘડા સૌથી વધારે વર્ષ ૨૦૧૧ માં ૨૮ સંખ્યા જોવા મળી હતી જેને કારણે ૪૦૯૯ શ્રમિકો અસરગ્રસ્ત થયા હતા અને તેના પરિણામે ૩૫૮૭૩ દિવશો ગુમાવ્યા હતા અને સૌથી ઓછા ઔધોગિક ઝઘડા વર્ષ ૨૦૧૮ માં ૧૩ જેટલા થયા હતા, જેને કારણે ૫૨૨૬ શ્રમિકો અસરગ્રસ્ત થયા પરિણામે ૪૨૪૪૮ દિવસો ગુમાવ્યા હતા.

**કોષ્ટક ૧: ગુજરાત રાજ્યમાં ઔધોગિક ઝઘડા થવાનાં કારણો**

| ક્રમાક | કારણો | વર્ષ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ |
| ૧ | બોનસ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૪ | ૧ | ૩ | ૦ |
| ૨ | વેતન ભથ્થુ | ૭ | ૧૧ | ૫ | ૧૩ | ૧૭ | ૬ | ૪ | ૫ | ૭ |
| ૩ | રજા અને કામના કલાકો | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | અંદરો અંદર સંગઠનની હરીફાય | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | હિંસા | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | કાચામાલની તંગી | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સામાન્ય માંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨ | ૨ |
| ૮ | ટ્રાન્સફર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૨ |
| ૯ | સ્થાનિક તપાસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૦ | કામદારોની બરફી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૧૧ | બે કર્મચારીનુ સસ્પેન્સન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૨ | કર્મચારી છીનવી લેવા | ૫ | ૬ | ૧૨ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૧૩ | સમાપ્તિ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૨ |
| ૧૪ | અન્ય | ૬ | ૩ | ૭ | ૨ | ૩ | ૧ | ૩ | ૦ | ૦ |
| | કુલ | ૨૦ | ૨૮ | ૨૬ | ૧૯ | ૨૪ | ૧૩ | ૧૯ | ૧૯ | ૧૩ |

સ્તોત્ર : Office of the Labour Commissioner, Gujarat State Gandhinagar

### *૬.૩ કોષ્ટકની સમજૂતી*

ઉપરોક્ત કોષ્ટકમા ઔધોગિક ઝઘડા થવા પાછળના કારણો દશાવ્યા છે. વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધીના સમયગાળા દરમિયાન વેતન ભથ્થાને કારણે ૭૫ વખત ઔધોગિક ઝઘડા થયા હતા જે કારણસર સૌથી વધુ ઔધોગિક ઝઘડા થયેલા જોવા મળે છે. આ ઉપરાંત બોનસ ,કામના કલાકો, રજા અને બદલી જેવા કારણસર ઔધોગિક ઝઘડા થવા માટે જવાબદાર હોય છે.

**કોષ્ટક ૨: ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક વિવાદોના પરિણામ**

| ક્રમાંક | પરિણામ | વર્ષ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ |
| ૧ | સફળતા | ૨૦ | ૨૬ | ૧૮ | ૧૦ | ૧૯ | ૯ | ૧૭ | ૧૭ | ૧૧ |
| ૨ | નિષ્ફળતા | ૦ | ૨ * | ૭* | ૪* | ૫* | ૪* | ૦ | ૦ | ૦ |
| ૩ | અનિશ્ચિત | ૦ | ૦ | ૦ | ૧ | N.A. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | બાકી | ૦ | ૦ | ૧ | ૪ | N.A. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પ્રતિબંધિત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૨ |
| કુલ | કુલ | ૨૦ | ૨૮ | ૨૬ | ૧૯ | ૨૪ | ૧૩ | ૧૯ | ૧૯ | ૧૩ |

*=પ્રતિબંધિત

N.A.= Not Available

સ્તોત્ર : Office of the Labour Commissioner, Gujarat State Gandhinagar.

### *૬.૪ કોષ્ટકની સમજૂતી*

ઉપરોક્ત કોષ્ટકમાં ઔધોગિક વિવાદોના પરિણામ આપેલ છે. તેમા જોય શકાય છે કે વર્ષ ૨૦૧૦ મા ૨૦ માંથી ૨૦ ઔધોગિક ઝઘડા સફળતા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદના વર્ષો દરમિયાન અમુક ઔધોગિક ઝઘડાને નિષ્ફળતાતો અમુકના પરિણામો બાકી, અનિશ્ચિત અને પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૮ માં ૧૩ માંથી ૧૧ ઔધોગિક ઝઘડાને સફળતા પ્રાપ્ત થય હતી અને ૨ પરિણામ પર પ્રતિબંધ મુકવા માં આવ્યો હતો.

### ૭. નિષ્કર્ષ

આમ, ઉપરોક્ત ગુજરાત રાજ્યમાં ઔધોગિક ઝઘડાનુ પ્રમાણ, તેના કારણો અને પરિણામોની વિગતે અભ્યાસ કરવામા આવ્યો છે. ઔધૌગિક ઝઘડા થવા પાછળનુ સૌથી મોટુ જો કોઈ કારણ હોય તો તે વેતન વધારો છે. ગુજરાતમાં ઔધોગિક ઝઘડાના પ્રમાણમાં વધારો ઘટાડો જોવા મળ્યો છે. તેથી કહી શકાય કે ઔધોગિક સંબધો સારા છે. તેમ છતાં પણ થોડા પ્રયાસો કરવા જોઈએ જેથી શ્રમિકોને નુકશાન ના ભોગવવુ પડે. અને માલિકોને પણ નુકસાન ના થાય . શ્રમિક સંગઠનને માલિકો અને શ્રમિકો વચ્ચે કડી સમાન ગણાવામાં આવે છે. જો ઔધોગિક ઝઘડા થાયતો વહેલી તકે સમાધાન થાય તે ખૂબ જરૂરી હોય છે. જો ઔધોગિક સંબધો સારા સ્થાપાય તો ઔધોગિક ઉત્પાદનમાં વધારો થાય અને રાષ્ટ્રિય આવકમાં ઔધોગિક ક્ષેત્રનો ફાળો વધે છે.

Vol. 8, Issue: 8, August: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

**સંદર્ભ**

1. Bibhas Saha and Indranil Pan,"Industrial Disputes in India: An Empirical Analysis"Economic and Political Weekly, Vol. 29, No. 18 (Apr. 30, 1994), pp. 1081-1087.
2. https://gujecostat.gujarat.gov.in
3. Kesar Singh Bhangoo, "Regional Pattern of Industrial Disputes in India: A Study of Re-Organised Punjan " (1967-2003), Indian Journal of Industrial Relations, Vol. 43, No. 4 (Apr., 2008), pp. 603-632.
4. Rajni Pathania, "Industrial relations in India in the era of liberalization", IOSR Journal of Humanities and Social Science 2 (6), 22-26, 2012.